# સુમુલના પ્રમુખ, ઉપપ્રમુખ માટે આજે ભાજપમાં નિરીક્ષકો સેન્સ લેશે

**નિરીક્ષકો** બારડોલીના ભાજપ કાર્યાલય ખાતે સુમુલના ડિરેક્ટરો, ધારાસભ્યો, સાંસદો અને જિલ્લા આગેવાનોને સાંભળવામાં આવશે

સુરતઃ 6500 કરોડથી વધુનું ટર્ન ઓવર ધરાવનાર સુમુલ ડેરીની 16 માંથી 15 બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો વિજયી થતા 17 ઓગસ્ટે સુમુલમાં મળનારી બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી પૂર્વે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલના આદેશને પગલે ભાજપના નિરીક્ષકોની ટીમ આવતીકાલે શુક્રવારે બપોરે 2 વાગ્યે જિલ્લા ભાજપ કાર્યાલય બારડોલી ખાતે સુમુલના ચૂંટાયેલા ડિરેક્ટરો,ધારાસભ્યો,સાંસદો અને જિલ્લા આગેવાનોને સાંભળશે.

સૂત્રો મુજબ પ્રદેશ ભાજપના પૂર્વ મંત્રી જીવરાજ ચૌહાણ (વડોદરા), પ્રદેશ બક્ષીપંચ મોરચાના પૂર્વ ઉપપ્રમુખ યોગેશ ગઢવી અને પ્રદેશ મહિલા મોરચાના પૂર્વ મહામંત્રી સીમા મોહિલે સુમુલ ડેરીના 16 ડિરેક્ટર, ધારાસભ્યો, સાંસદો,બે જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોને સાંભળશે. સુમુલ ડેરીના પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે માજી પ્રમુખ રાજુભાઈ પાઠક, કાંતિભાઈ ગામિત, ભરતસિંહ સોલંકી, સંદીપ દેસાઈ, રેસાભાઈ ચૌધરી, અમીષ વસાવા, ધનસુખ પટેલ અને હસમુખ ગામીતના નામો ચર્ચામાં છે. બે પૈકી એક હોદ્દો સુરત જિલ્લાના પ્રતિનિધિને અને એક્ હોદ્દો તાપી જિલ્લાના પ્રતિનિધિને આપવાની ફોર્મ્યુલા પર ચર્ચા ચાલી રહી છે. ચૂંટણી પૂર્વે કોંગ્રેસ નેતા ડો.તુષાર ચૌધરીએ આદિવાસી પ્રમુખ બનાવવાની જાહેરાત કરી કોંગ્રેસના ઉમેદવારોની પેનલ ભાજપના બળવાખોર ઉમેદવારો સાથેની સમજૂતીમાં ચૂંટણી જંગમાં ઉતારી હતી પણ કોંગ્રેસના મુખ્ય આદિવાસી ઉમેદવારો 1/2 મતના અંતરથી હારી ગયા હતા. સુમુલ ડેરીમાં બે પૈકી કોઈપણ એક પદ માટે પૂર્વ ચેરમેન, વાઇસ ચેરમેન રહેલા રાજુ પાઠક અને ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રબળ દાવેદાર ગણાય છે. આવતીકાલે પરદેશ ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા પછી પ્રદેશ ભાજપ 17 ઓગસ્ટે સુમુલના નવા ચૂંટાયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ પહેલા પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે મેન્ડેટ જાહેર કરશે. એ પછી જ સ્થિતિ સ્પષ્ટ બનશે.

# ESIમાં શ્રમિક-પરિવારોને અમર્યાદિત ખર્ચની સુપર સ્પે. સારવાર મળશે

**ઈએસઆઈસી** સાથે વધુ ૬ અગ્રણી આરોગ્ય સંસ્થાઓના કરાર કરવામાં આવ્યા

ગાંધીનગરઃ રાજ્યના શ્રમિક પરિવારોને ગંભીર બીમારી અને તાત્કાલિક સારવારની સ્થિતિમાં વધુ સારી આરોગ્યસુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાત હેઠળ નોંધાયેલા વીમાધારક શ્રમિકો અને તેમના આશ્રિતોને હવે રાજ્યની અગ્રણી સુપર સ્પેશિયાલિટી તથા તૃતીયકક્ષાની આરોગ્ય સંસ્થાઓમાં અમર્યાદિત ખર્ચે સારવાર મળી શકશે.

ગાંધીનગર ખાતે યોજાયેલા સમજૂતી કરાર કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં આ કરારો થયા હતા. કેબીનેટ મંત્રીએ જણાવ્યું હતું કે, શ્રમિકોને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ સમયસર અને સરળતાથી ઉપલબ્ધ કરાવતી આ પહેલ લાખો શ્રમિક પરિવારો માટે આરોગ્ય સુરક્ષા કવચ સાથે મોટી આર્થિક રાહત પણ સાબિત થશે. આ પહેલ હેઠળ ઈએસઆઈસીના લાભાર્થીઓને જરૂરિયાત મુજબ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં સારવારનો લાભ મળશે. ગંભીર બીમારી તેમજ તાત્કાલિક સારવારની સ્થિતિમાં સારવારના ખર્ચની મર્યાદા ન રહે તે વ્યવસ્થા શ્રમિક પરિવારો માટે ખાસ મહત્વપૂર્ણ બની રહેશે.

રાજ્યમાં ઈએસઆઈસીની તૃતીયકક્ષાની અને સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓનું નેટવર્ક સતત વિસ્તરી રહ્યું છે. તાજેતરના છ સહિત અત્યાર સુધીમાં કુલ ૩૨ આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર થઈ ચૂક્યા છે.

આ નેટવર્કમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, જીએમઈઆરએસ હોસ્પિટલ્સ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર અને એઈમ્સ રાજકોટ જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. વધુ ૪૫ હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરારની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. નવા કરારોના પરિણામે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઈએસઆઈસીના લાભાર્થીઓને તૃતીયકક્ષાની તથા વિશિષ્ટ સારવારની સુવિધા વધુ સરળતાથી ઉપલબ્ધ થશે.

# ભરૂચના ફોટોગ્રાફરને OLX પર કેમેરો વેચવાનું ભારે પડ્યું

**કેમેરાની** ખરીદી કરવાનું કહી સુરતના ઠગે વાપી બોલાવ્યો અને ચેક કરવાના બહાને ક્રોમામાં લઈ જઈ રૂ.1.40 લાખની મતા લઈ છૂ

વાપીઃ ભરૂચના ફોટોગ્રાફરે OLX પર કેમેરાનું વેચાણ કરવાનું મૂક્યું હતું અને સુરતના ઈસમે ખરીદી કરવાની તૈયારી બતાવી વાપી બોલાવ્યો હતો અને વાપી ક્રોમામાં કેમેરો બતાવવાનું કહી ઉપરના માળે કેમેરો, લેન્સ સહિતનો 1.40 લાખનો સામાન લઈને ઉપરના દરવાજાથી બહાર નીકળી ગયો હતો.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, ભરૂચના રામજી મંદિર, ઝાડેશ્વરમાં મીત મહેન્દ્રભાઈ મહંત (ઉં.વ.28) રહે છે અને તેઓ ફોટોગ્રાફર છે. તેઓએ કેનોન કંપનીનો કેમેરો OLX ઉપર વેચાણ માટે મૂકેલો હતો. જે બાદ તેમના મોબાઈલ ફોન પર વોટસએપ મેસેજ આવ્યો હતો અને તે બાદ તેણે વોટસએપ કોલ કર્યો હતો અને તેનું નામ અમિત ઓલપાડવાલા (રહે., સલાબતપુરા, સુરત) હોવાનું જણાવ્યું હતું અને વેચાણ માટે મૂકેલો કેમેરો તેમને જોઈતો હોવાનું જણાવ્યું હતું. તે કેમેરાની કિંમત 2,15,000માં વેચાણ કરવાનું જણાવ્યું હતું.

જેથી સામેવાળાએ રૂ.1,95,000માં કેમેરો ખરીદ કરવાનું જણાવ્યું હતું. જે બાદ તેણે કેમેરો લઈને વાપી રેલવે સ્ટેશને આવવાનું જણાવ્યું હતું. કેમેરો ચેક કરાવવો પડશે તેમ કહી તેઓ વાપી ક્રોમા ગયા હતા અને ક્રોમાના નીચેના માળે અમિત તેઓને બેસાડી ગયો હતો અને તેઓની પાસે બે બેગ પણ મૂકી ગયો હતો અને ઉપરના માળે કેમેરો ચેક કરવા માટે જવાનું કહી મીત પાસેથી કેમેરો, કેમેરાનો લેન્સ, ચાર કેમેરાની બેટરી, બોક્ષ તથા બીલ જે બેગમાં હોય તે લઈને ગયો હતો. જે બાદ તે આવ્યો નહીં અને ક્રોમામાં લગાવેલ સીસીટીવી ફૂટેજ જોતા ઉપરના માળે આવેલા દરવાજાથી બહાર જતો નજરે પડ્યો હતો.

જ્યારે તેણે મૂકેલ બેગ ચેક કરતાં તેમાંથી એક કેમેરો અને બીજી બેગમાંથી કેમેરા સ્ટેન્ડ નીકળ્યું હતું. જે બાદ અવાર-નવાર અમિતનો સંપર્ક કરતાં ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. કેમેરાની કિંમત 1 લાખ, લેન્સ કિંમત 30,000, કેમેરાની બેટરી કિંમત 10 હજાર મળી કુલ રૂ.1,40,000/-ની છેતરપિંડીની ફરિયાદ મીત મહંત દ્વારા વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### દક્ષિણ ગુજરાતમાં...

નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા નજીક સર્જાયેલું દબાણ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. સાથે જ ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારમાં ઉપરના હવામાન સ્તરે ચક્રાકાર પરિભ્રમણ યથાવત છે.

## મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠામાં ભારે વરસાદ

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાત પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થયો હતો. આ દરમિયાન મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ નોંધાયો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ જિલ્લાનાં ૧૬૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ૮૩ મિમી એટલે કે ૩.૨૭ ઈંચ, બનાસકાંઠાના વડગામમાં ૭૯ મિમી, સાબરકાંઠાના વડાલીમાં ૭૩ મિમી, મહેસાણાના સતલાસણામાં ૬૪ મિમી અને બનાસકાંઠાના દાંતામાં ૫૩ મિમી નોંધાયો હતો.

### ક્યાં ક્યારે...

મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં પણ અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે. ૧૪થી ૧૫ ઓગસ્ટ દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં અનેક સ્થળોએ વરસાદની શક્યતા છે, જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે. ૧૫થી ૨૦ ઓગસ્ટ દરમિયાન પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

### ગાજવીજ સાથે...

સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા-ભડાકા સાથે ગાજવીજ અને ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અને કચ્છમાં પણ આવી સ્થિતિની આગાહી છે.

### વાદળોને કારણે...

આશરે 3 ડિગ્રીનો ઘટાડો નોંધાતા તે 28.5 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. પરિણામે દિવસભર વાતાવરણમાં ઠંડક છવાયેલી રહી હતી. હવામાનમાં 89 ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. સાંજના સમયે સુરત શહેરમાં અડધો કલાક જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. અચાનક વરસાદ શરૂ થતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાતાં વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો. ભારે ઝાપટા બાદ વરસાદનું જોર ઘટ્યું હતું.

## ઉકાઈ ડેમના ઉપરવાસમાં નોંધપાત્ર વરસાદથી આવક 37 હજાર ક્યુસેક થઈ

સુરત માટે મહત્વના એવા ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ ફરી વરસાદી માહોલ જામ્યો છે. ઉપરવાસના ચીકલધરામાં 10 મીમી, દેડતલાઈમાં 14 મીમી, નવાથામાં 21 મીમી, ચાંદપુરમાં 35 મીમી, નંદુરબારમાં 58 મીમી, સાગબારામાં 15 મીમી, ઉકાઈમાં 21 મીમી, ચોપડાવમાં 50 મીમી અને કાકડીમ્બામાં 25 મીમી વરસાદ નોંધાયો છે. આ વરસાદના કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને 37 હજાર ક્યુસેક સુધી પહોંચી હતી. સામે ડેમમાંથી 23 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી 23 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. વીજ ઉત્પાદન માટે 3 હાઈડ્રો યુનિટ તથા એક કેનાલ પણ ચાલુ રાખવામાં આવી છે. આજે ઉકાઈ ડેમની સપાટી 334.56 ફૂટ નોંધાઈ હતી. ઉપરવાસમાં વરસાદનો સિલસિલો ચાલુ રહેતા આગામી દિવસોમાં ડેમમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે.

### રેગિંગમાં ડીન-...

માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે, સમગ્ર ઘટનામાં માત્ર સિનિયર ડોક્ટરોની જ નહીં પરંતુ કોલેજના જવાબદાર ફેકલ્ટી સભ્યોની ભૂમિકા અંગે પણ સવાલો ઊભા થયા છે. આ મામલે HOD સહિત ચાર ફેકલ્ટીને શોકોઝ નોટિસ ફટકારવામાં આવી છે. જોકે, અત્યાર સુધી તેમની જવાબદારી નક્કી કરવામાં આવી નથી. ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે રેગિંગની ઘટના મામલે ડીન અને HODની પણ જવાબદારી નક્કી કરવામાં આવશે અને જરૂર જણાય તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના જણાવ્યા મુજબ, ડો. હર્ષ સાથેના ડોક્ટરોએ રેગિંગ અંગે અધ્યાપકોને ફરિયાદ કરી હતી. આ ફરિયાદનો ઉલ્લેખ તપાસ કમિટીના રિપોર્ટમાં પણ કરવામાં આવ્યો છે. તેમ છતાં આ ગંભીર ફરિયાદને યોગ્ય રીતે લેવામાં આવી ન હોવાનો આક્ષેપ છે. મંત્રીના જણાવ્યા પ્રમાણે, જો રેગિંગ અંગેની ફરિયાદ મળ્યા બાદ જ સમયસર અને કડક કાર્યવાહી કરવામાં આવી હોત તો કદાચ યુવા ડોક્ટરનો જીવ બચાવી શકાયો હોત. આ કારણોસર સમગ્ર ઘટનામાં જવાબદાર ફેકલ્ટીની ભૂમિકા પણ તપાસના કેન્દ્રમાં આવી છે.

પ્રફુલ પાનશેરીયાએ આ મામલે ડીન અને HODની જવાબદારી અંગે પણ સ્પષ્ટ વલણ વ્યક્ત કર્યું છે. તેમણે જણાવ્યું કે રેગિંગ જેવી ગંભીર ઘટના સંસ્થામાં બની રહી હોય અને તેની જાણ હોવા છતાં સમયસર અટકાવવામાં ન આવે તો સંસ્થાના વડા તરીકે ડીન અને વિભાગના વડા તરીકે HODની જવાબદારી બને છે. આરોગ્ય મંત્રીએ સંકેત આપ્યો છે કે આવનારા દિવસોમાં ડીન અને HOD સામે પણ કાર્યવાહી કરવા માટે તજવીજ ચાલી રહી છે. એટલે અત્યાર સુધી ચાર સિનિયર ડોક્ટરો સામે થયેલી કાર્યવાહી બાદ તપાસનો વ્યાપ હવે કોલેજના જવાબદાર અધિકારીઓ સુધી પહોંચે તેવી શક્યતા છે.

### 'ફેકલ્ટીએ ગંભીર...

દ્વારા આ મામલે યોગ્ય પગલાં કેમ લેવામાં આવ્યા નહીં. તેમણે જણાવ્યું કે સમગ્ર ઘટનાને જોતા ફેકલ્ટી દ્વારા સિનિયર ડોક્ટરોને સહકાર આપવામાં આવ્યો હોય અથવા તેમની ગેરવર્તણૂકને નજરઅંદાજ કરવામાં આવી હોય તેવી સ્થિતિ પણ તપાસમાં સામે આવી શકે છે. આ જ કારણોસર હવે ફેકલ્ટીની જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### ચાર ફેકલ્ટીની...

સામે કાર્યવાહી કેમ ન થઈ જેવા મુદ્દાઓ તપાસમાં મહત્વના બની શકે છે. આરોગ્ય મંત્રીના જણાવ્યા મુજબ ચારેય ફેકલ્ટી બાબતે આરોગ્ય સચિવ અને આરોગ્ય વિભાગના નિયામક સાથે મળીને તપાસ કરવામાં આવશે. તપાસમાં જે જવાબદારી નક્કી થશે તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### રેગિંગ કેસમાં...

અને હોસ્પિટલ તંત્રમાં ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે હવે ચાર ફેકલ્ટીને ફટકારવામાં આવેલી કારણદર્શક નોટિસને લઈને સવાલો ઊઠી રહ્યા છે. ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરોને સસ્પેન્ડ કર્યા બાદ માઇક્રોબાયોલોજી વિભાગના HOD સહિત ચાર ફેકલ્ટીને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. જોકે, ઘટનાને ચાર દિવસ વીતી ગયા હોવા છતાં આ નોટિસના જવાબ અંગે સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા સામે આવી નથી. ફેકલ્ટી દ્વારા નોટિસનો જવાબ આપવામાં આવ્યો છે કે નહીં, જવાબ આપવામાં આવ્યો હોય તો તેમાં શું રજૂઆત કરવામાં આવી છે અને તેના આધારે તંત્ર આગળ શું કાર્યવાહી કરશે, તે અંગે હાલ સત્તાવાર મૌન જોવા મળી રહ્યું છે. પરિણામે સમગ્ર કાર્યવાહી અંગે પારદર્શિતાને લઈને પણ ચર્ચા શરૂ થઈ છે. ચાર ફેકલ્ટીને કારણદર્શક નોટિસ ફટકાર્યા બાદ હવે તેમની પાસેથી મળેલા જવાબના આધારે આગળની કાર્યવાહી થવાની અપેક્ષા છે. પરંતુ ચાર દિવસ બાદ પણ જવાબની સ્થિતિ સ્પષ્ટ ન થતાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. જો સંબંધિત ફેકલ્ટીએ જવાબ રજૂ કરી દીધો હોય તો તેની વિગતો જાહેર કેમ કરવામાં આવતી નથી? અને જો જવાબ હજુ સુધી આપવામાં આવ્યો નથી તો નોટિસ બાદની કાર્યવાહી આગળ કેમ વધતી નથી? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

## દુષ્પ્રેરણાની કલમને લઈને પણ ચર્ચા

આ કેસમાં ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં તેમની સામે નોંધાયેલી ફરિયાદમાં લાગુ કરવામાં આવેલી કલમોને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. કેટલાક વર્ગોમાં એવો આક્ષેપ થઈ રહ્યો છે કે આપઘાતનું કારણ રેગિંગ અને દુષ્પ્રેરણા હોવા છતાં હળવી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

### ડીન અને...

બચાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા હોવાની ચર્ચા પણ હોસ્પિટલ વર્તુળોમાં ચાલી રહી છે. હવે રાજ્ય સરકારનું આરોગ્ય વિભાગ શું કાર્યવાહી કરશે તે જોવાનું રહ્યું.

### પરિવાર લગ્ન...

વતનમાં ખેતીકામ કરે છે. બીજી તરફ તરુણીને ત્રણ ભાઈ અને એક બહેન છે. બંને પરિવાર મજૂરીકામ કરી જીવન ગુજારે છે. બનાવને પગલે બંનેના પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઉધના પોલીસે સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

### રેગિંગમાં ડીન...

છે. ત્યારબાદ ડીન સાંજે ફરી ફરજ પર પરત ફર્યા હોવાની પણ સિવિલ કેમ્પસમાં ચર્ચા ચાલી રહી છે. જોકે, ડીનની રજા અને પરત ફરવા અંગે સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ સમગ્ર તપાસની શરૂઆતમાં મેડિકલ કોલેજના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટની આગેવાની હેઠળ કમિટી કાર્યરત હતી. સાથે જ રાજ્યના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ સમગ્ર તપાસની પ્રગતિ પર નજર રાખી રહ્યા હોવાનું જાણવા મળે છે. સૂત્રો મુજબ, સમગ્ર મામલે ગાંધીનગર સુધી જરૂરી અહેવાલ અને જવાબ મોકલવામાં વિલંબ થયો હોવાની ચર્ચા પણ સામે આવી છે. તપાસ જેવા સંવેદનશીલ મામલામાં સરકાર દ્વારા સમયસર માહિતી અને અહેવાલની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. ત્યારે જવાબ મોકલવામાં થયેલા વિલંબને લઈને આરોગ્ય વિભાગમાં નારાજગી હોવાની ચર્ચા છે. આ સંજોગોમાં ડીનનું અચાનક રજા પર જવું, ત્યારબાદ પરત ફર્યાની ચર્ચા અને ગાંધીનગરને જવાબ મોકલવામાં થયેલા વિલંબે સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્ર સામે નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

### શ્રાવણના પ્રથમ...

લગ્ન માટે સંમત ન હોવાથી બંનેએ આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. જોકે સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. સ્મીમેર હોસ્પિટલમાંથી મળેલી વિગતો મુજબ, મૂળ દાહોદ જિલ્લાના લીમડીના વતની અને હાલ ઉધનાના સંજયનગર નજીક ઝૂંપડપટ્ટીમાં રહેતા 23 વર્ષીય જીણ લાલસીંગ સંગાડા તથા 16 વર્ષીય સમિલા સરદાર મહિડા બે દિવસ અગાઉ પરિવારજનોને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. બંને પરત ન ફરતાં પરિવારજનો દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન ગુરુવારે સવારે બંનેના ઘરથી આશરે 500 મીટરના અંતરે આવેલી સમિતિ શાળાની પાછળના મેદાનમાં એક બીલીપત્રના ઝાડ સાથે બંનેના મૃતદેહ લટકતા જોવા મળ્યા હતા. બંનેએ અલગ-અલગ દુપટ્ટા વડે બીલીપત્રના ઝાડની એક ડાળીએ ફાંસો ખાધો હતો. ઘટનાની જાણ

